

## સલામી સવારની..

**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

*પારદર્શી 'પોસ્ટ' ને બેન્ક બનાવી ચૂંથી નાખશે!*
*અગૂંઠાની માયાજાળે ભ્રષ્ટાચાર ગૂંથી નાખશે!*
*રૂંધી નાખશે, ભોળાં ગ્રામીણોનો જીવ, નિસાસે -*
*સ્નેહ-શ્રદ્ધાના સંબંધો નિખાલસ, ભૂંજી નાખશે!*
*(હવે 'પોસ્ટ'નું દેવાળું નક્કી!)*

**હાઈકુ**

*પડી આદત,*
*પથ્થર નાખવાની -*
*મધપૂડામાં...*

*જાગશે નવા!*
*લ્યો ! ગામડે ગામડે -*
*નિરવ - માલ્યા!*

### ચિંતન

*સુખ કે માતે સિલ પડો ! હરિ હિર દેસે જાય,*
*બલિહારી યે દુઃખ કી, પલ પલ રામ સમાય.*

ઉપરોક્ત સાખી કહત કબીરામાંતી લેવામાં આવેલ છે.

સુખ એક એવો મીઠો કેફ છે કે તેનો નશો બહુ બુરી ચીજ છે. એ નશો કે કેફ મનુષ્યનાં મગજ પર સવાર થઈ જાય પછી તેવા હૃદયમાંથી રામ જતો રહે છે. તે યેનકેન પ્રકારે સુખ પ્રાપ્ત કરવાની લ્હાયમાં એટલો લીન થઈ જાય છે કે હરિને તો તદ્દ્ન વિસરી જ જાય છે. કબીર કહે છે કે એવા સુખ કરતા બલિહારી તો દુઃખની જ છે કે જે ક્ષણે ક્ષણે રામ નામનો યાદ કરાવે છે.

વ્યસન-વિલાસ જેવાં ક્ષણિક સુખનો નશો બક્તિ ભૂલાવે છે. અને માણસના હૃદયમાંથી 'રામ' નિકળી જાય છે.

વ્યક્તિ દુઃખમાં રહે અને વિલાસીજીવનથી વિમુક્ત હોય તો 'ભક્તિ'માં ઈશ્વર યાદ આવે છે.

### સુવિચાર

- હજારોં ઉલઝનેં રાહોં મેં, ઔર કોશિશેં બેહિસાબ ઈસી કા નામ હૈ જિંદગી, ચલતે રહિયે જનાબ - **ઈકબાલ પટેલ**
- સંબંધોની શ્રેષ્ઠતાં એમાં છે કે સંબંધો તૂટી ગયા પછી પણ એ સંબંધોનું ગૌરવ જળવાઈ રહે છે - **ખલીલ ધનતેજવી**
- વધતી જતી સમજણ જીવનને મૌત તરફ લઈ જાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જગત સમજે ના સમજે તું સમજી જા, જીતના બે જ માર્ગ... ખમી જા... કાં નમી જા... - **જનકલ્યાણ**
- વિચારો ભેગા થઈને એક દિશામાં જાય ત્યારે એને મંત્ર કહેવાય - **મુંબઈ સમાચાર**
- ચિત્ત એકાગ્ર કરીને મન અને બુદ્ધિ કેળવાય, એને જ એ અધ્યાત્મ કહે છે - **બી. કે. શિવાની**
- આજનું ઔષધ : સોમલતા, અરડૂસી, જેઠીમધ, સુંઠ, પીપરી મૂળનો ઉકાળો પીવાથી દમ શ્વાસમાં રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ઈરાકના બસરા શહરેમાં રહેતા સૂફી સંથ યુસુફ બસરી અલ્લાહમાં અતૂટ શ્રદ્ધાવાળા સંત હતા. માલિક ઉપર પૂરો ભસોસો રાખનાર પોતાની પાસે થોક હોય તો તેમાંથી પણ દાનમાં આપી દેનાર સંત હતા. એકવાર એમના ઘરો ત્રણ મહેમાન આવ્યા.મહેમાનોને જમાડવા માટે રસોડામાં પૂછ્યું તો જવાબ મળ્યો એક જ રોટી છે. એટલામાં દરવાજે એક ફકીરે બુમ પાડી. એટલે સંતે કહ્યું, 'આ એક રોટી ફકીરને આપી રવાનો કરો.' હવે તો જમવાનું કંઈ બચ્યું જ ન હતું. થોડીવારમાં દરવાજે એક વ્યક્તિ બે રોટલી આપવા આવ્યો. સંતે કહ્યું, 'બે રોટી આપણી નથી. બીજા કોઈન હશે.' પેલી વ્યક્તિ જતી હતી. થોડીવારમાં દરવાજે નવો માણસ હાથમાં પાંચ રોટી આપવા આવ્યો ત્યારે પણ સંતે કહ્યું, 'આ પાંચ રોટી આપણી નથી, બીજા કોઈની હશે.' પેલો માણસ જતો રહ્યો ત્યાં થોડીકવારમાં ત્રીજ વ્યક્તિ અગિયાર રોટી આપવા આવ્યો, ત્યારે સંતે કહ્યું, 'હવે આ અગિયાર રોટી આપણી છે. કારણ કે ખુદાનો વાયદો છે કે જે દુનિયામાં એક રોટીનું દાન કરશે એને દુનિયામાં દસ આપીશ એટલે મેં એક રોટી જે ફખીરને આપી હતી એના બદલામાં માલિકે આપણને દસ અને અગિયારમી જે મેં આપી હતી તે કુલ અગિયાર રોટી આપી છે.' પેલા મહેમાનો પણ સુફીની વાત સાંભળીને દંગ રહી ગયા. મહેમાનોને પણ એક રોટી ફકીરને આપ્યા પછી ખુદાએ અગિયાર રોટી તરફ આવી ગઈ અને કોઈ ભૂખ્યું ન રહ્યું. આ વાતથી અલ્લાહના બંદા પર એને અલ્લાહ પર શ્રદ્ધા થઈ.

# ઉપવાસનું અહિંસક શસ્ત્ર

**તંત્રીસ્થાનેથી...**

પાટીદાર આંદોલનના નવા તબક્કા જેવા હાર્દિક પટેલના ઉપવાસ હવે દેશભરના ભાજપ વિરોધી નેતાઓને રાજકીય દૃષ્ટિએ લાભદાયક લાગી રહ્યા છે. શરુઆત મમતા બેનરજીએ એ ઉપવાસના પ્રારંભે જ એમની તૃણમૂલ પાર્ટીના વરિષ્ઠ પ્રતિનિધિ તરીકે દિનેશ ત્રિવેદીને મોકલી આપી સમર્થન જાહેર કરી દીધું હતું. હવે એક પછી એક રાષ્ટ્રીય સ્તરે પ્રતિષ્ઠિત અગ્રણીઓ હાર્દિક પટેલની સહાનુભૂતિમાં અમદાવાદ ખાતે ઠલવાઈ રહ્યા છે. ભાજપના એક સમયના વરિષ્ઠ નેતા યશવંત સિન્હા અને બાગી સાંસદ શત્રુઘ્ન સિન્હા સહિત ઘણા બધા નેતાઓ અન ખુદ ગુજરાતની ભાજપ સરકારના મંત્રી અને પૂર્વ કોંગ્રેસ અગ્રણી કુંવરજી બાવળિયા હાર્દિક પટેલની મુલાકાત લે અને સહાનુભૂતિ દાખવે તે ઘણું સૂચક છે. દસ દસ દિવસ લગી ઉપવાસ પર રહેવાથી સ્વાભાવિક રીતે જ કોઈ પણ માણસનું શરીર કથળે, લોહીમાં ઝેરી તત્ત્વો પ્રસરે, કિડની સહિતનાં અંગો પર નેટેગિવ અસર પડે અને એડિટોન જેવાં દ્રવ્યો વધતાં કયારેક માણસ કોમામાં જઈ શકે. હાર્દિક પટેલની પ્રતિકાર સક્તિ ઘણી સારી હોવાથી આવી સ્થિતિમાં પણ તે જન્માષ્ટમી ઉજવણી કરી શકયા. શક્તિસિંહ ગોહિલ તો રાષ્ટ્રીય કક્ષાએ કોંગ્રેસના પ્રવક્તા છે. તેઓ હાર્દિકની મુલાકાત લઈ ભાજપના રાષ્ટ્રીય નેતાઓને કંસ અને હિરણ્યકશ્યપ જેવાં બિરુદ એનાયત કરી ગયા. પરેશ ધાનાણી પોતે જ પાટીદાર છે. તેઓ શરુથી જ હાર્દિકના ઉપવાસના સમર્થનમાં છે. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા અને ઘણા બધા ધારાસભ્યોએ હાર્દિક પટેલના ટેકામાં રૂબરૂ મુલાકાત લીધી છે. હવે ગામેગામનાં પાટીદાર સંગઠનો હાર્દિક પટેલના સમર્થનમાં ઊમટી રહ્યાં છે. પાટીદાર સમાજની છ મુખ્ય સંસ્થાઓને હાર્દિક પટેલની માગણીઓ વેળાસર અને તાર્કિક રીતે સ્વીકારી કોઈ સર્વમાન્ય ઉકેલ આણવા સરકારને અપીલ કરી હોવાનું પણ બહાર આવ્યું છે. પાટીદારોના આંતરરાષ્ટ્રીય નેતા સી.કે. પટેલે આગેવાની લઈ સરકાર સાથે બેઠક કરી છે. ખોડલધામ અને ઉમિયા ધામ જેવાં ધાર્મિક સંગઠનોએ પણ હાર્દિકના ઉપવાસ છોડાવવા અપીલ કરી છે. સરકાર કોઈ ઉકેલની શોધમાં પણ છે. પરંતુ શું પોતાની માગણીઓ સંતોષવા માટે ઉપવાસ ઉપર ઊતરી જવાનું પગલું આત્યંતિક ન ગણાવું જોઈએ ? શું ઉપવાસ જ આ માટેનો આખરી ઉપાય છે ? ગાંધીજીએ ઉપવાસને અહિંસક શસ્ત્રમાં ફેરવી દીધું ત્યારથી એનો સતત દુરુપયોગ જ થતો રહ્યો છે એમ નથી લાગતું ? હાર્દિક પટેલની પાટીદાર અનામત સહિતની માગણીઓમાં કેટલી વાજપી અને કેટલી ગેરવાડપી તે મુદ્દો નિષ્ણાતો અને સમાજશાસ્ત્રીઓ પર છોડી દઈએ, પરંતુ ઉપવાસ જેવું પવિત્ર અનુષ્ઠાન કેટલું ભયંકર શસ્ત્ર છે, એની ગાંધીજીને ખબર હોત તો એ પણ એનાથી દૂર રહ્યા હોત. ઉપવાસનો રાજકીય દુરુપયોગ અટકવો જોઈએ. આ એક પ્રકારની હિંસા જ છે, જેમાં ઉપવાસ પર બેસી જનાર પોતાની જાતને ત્રાસ આપી ધાર્યુ નિશાન પાડવાની કોશિશ કરે છે. હાર્દિક પટેલના ઉપવાસથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળે નહિં એટલા સારું એને જાહેર જગ્યાએ ઉપવાસ પર બેસવાની કે સભાઓ કરવાની પરવાનગી નહીં આપવાની સરકારને ફરજ પડી હતી. ઉપવાસનું વાજબીપણું સાબિત કરવાની જરૂર નથી. ઉપવાસ પર માનવીય દૃષ્ટિ કોણથી પ્રતિબંધ મુકાય તો તે ગાંધીજીના આત્માને પણ ગમશે.

# શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડનો રાઝ...



**નવાં કલેવર**

નટવર હેડાઉ

મૌલિક દ્વારા બાળમનોવિજ્ઞાનને સમજી શૈક્ષણિક કાર્યમાં અવનવાં પ્રયોગોથી શાળામાં ચર્ચા થતી હતી. આ વખતે શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ કોને મળશે ? વાત ફક્ત એવોર્ડની ન હતી. તેની સાથે મોટી રકમ મળે અને રાજયભરમાં વાહ... વાહ... થઈ જાય. તેથી દરેક જણ કોઈને કોઈ રીતે પ્રયત્નમાં લાગેલા હતા કે ગમે તે થાય એવોર્ડ તો તેને જ મળવો જોઈએ.

મૌલિકને તો શાળામાં આવ્યે હજુ વધુ દિવસો થયા પણ ન હતા. પરંતુ તેની કામ કરવાની પદ્ધતિ અને ઈમાનદારીની ચર્ચા સર્વત્ર હતી. જયારે કોઈ મિટીંગ હોય તો આચાર્ય સાંજે તેને રોકતા અને તે પણ ખુબ ચીવટપૂર્વક તમામ એજન્ડાની નોટીસ તેમજ માહિતીનાં પત્રકો ભરીને તૈયાર કરી આપે. આચાર્ય તેમની કાર્યશૈલી અને તત્પરતાથી પ્રભાવિત હતા. તેને એમ થતું હતું કે એવોર્ડ આ વખતે તેને જ મળશે. તે સિવાય આચાર્ય કોઈની ભલામણ કરી જ ન શકે.

પણ જયારે એવોર્ડની જાહેરાત થઈ તો તેમાં તેનું નામ કયાંક જણાયું નહીં. મનમાં તેને બહુ ખોટું લાગ્યું. સાંજે નિરાશ થઈ તે ઘર તરફ જવા નીકળ્યો.

જયારે તે આચાર્યની પાસેથી પસાર થતો હતો ત્યારે તેને જે અવાજ સંભળાયો તે સાંભળી પળભર માટે તેના પગ ત્યાં જ અટકી ગયા. અને અનાયાસ તે વાત સાંભળવાનો પ્રયાસ કરવા લાગ્યો.

આચાર્ય શાળાની શિક્ષિકા મોહિની સાથે ચર્ચા કરી રહ્યા હતા.

'જયારથી હું અહીં આવ્યો છું. તે મારી બહુ જ સેવા કરી છે. વળી આપણે એક જ જ્ઞાતનાં છીએ. તારાથી મારી પત્ની અને બાળકો પણ ખુશ છે. જયારે તેમને શોપિંગ કરવા જવું હોય ત્યારે તને જ યાદ કરે છે. તારામાં ખાસ ખુબી છે. તું બધાં તે સારી રીતે સાચવી લે છે. આપણા સંબંધોની અત્યાર સુધી કોઈને સહેજ પણ શંકા આવી નથી. હાં... ગયે, મહિને નિરીક્ષક માટે ટીમ આવેલી તેને પણ તેં તારી હોંશિયારી અને રૂપના જાદુથી કેવી આંજી દીધેલી. મને તો કલ્પના પણ નહોતી કે હોટલનાં સ્યુટની બહાર નીકળ્યા વગર જ એ લોકો ઈન્સ્પેકશનની બધી કાર્યવાહી પુરી કરી જતા રહેશે.'

'સર, તે માટે તમારે મને પાર્ટી આપવી જોઈએ.' મોહિનીનો ચાંદીની ઘંટડી જેવો અવાજ રણકયો.

'તારા માટે એવું છે જ કયાં ?'કહેતાં આચાર્ય એની તરફ જરા ઝુકયા.

'અરે સર, શું કરો છો? બારણું ખુલ્લું છે. કોઈ આવી જશે તો ?' મોહિનીએ કહ્યું.

'બધા પોતપોતાને ઘરે જતા રહ્યા છે. ચાલ આજે આપણે લોંગ ડ્રાઈવ પર જઈએ.'

'ના આજે નહીં ફરી કોઈ વાર...' કહેતાં મોહિની શરમાઈ ગઈ અને ઊભી થઈ ગઈ.

'અરે હાં... ઈન્સ્પેકશનનાં બીલો તો શું મેનેજ કરી લઈશ ને... અને જો આવતા મહિનામાં મારી દીકરીનો જન્મ દિવસ આવે છે. તેની બધી વ્યવસ્થા તારે જ સંભાળવાની છે.'

કહેતા આચાર્ય જોરથી હંસી પડ્યા. તેને એવોર્ડનું રાઝ સમજાઈ ગયું હતું.

# સંબંધો : એ જ હમસફર, એ જ યાત્રા, એક નવી તરાહ, નવા જ રૂપે



**આવો જીવીએ શાનદાર**

વિનોદ અમલાણી
vamlani2000@yahoo.co.uk

(ગતાંકથી ચાલુ)

મહાભારતની કથા ખૂબ જ જાણીતી છે. પાંડવો અને કૌરવો વચ્ચે યુધ્ધ ના થાય એના છેલ્લા પ્રયત્ન રૂપે પાંડવોએ પહેલ કરીને શ્રી કૃષ્ણને સમાધાન માટે, વિષ્ટી માટે મોકલ્યા હતાં. શ્રી કૃષ્ણએ હસ્તિનાપુર રાજસભામાં કૌરવો, ભીષ્મ, દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, ધૃતરાષ્ટ્ર અને અન્ય સભાજનોની વચ્ચે લંબાણપૂર્વક પોતાની વાત રજૂ કરી હતી. શ્રીકૃષ્ણએ દુર્યોધનને ચેતવણી પણ આપી હતી અને કહ્યું હતું કે "હે કુલભૂષણ, હે પુરુષવ્યાઘ્ર, તું અનર્થકારી હઠાગ્રહને છોડી દે તો તારું કલ્યાણ અવશ્ય થશે." કૃષ્ણએ માત્ર દુર્યોધનના જ કલ્યાણની વાત નહીં પણ જગત કલ્યાણની વાત કરતાં કહ્યું હતું કે "હે પરંતપ, સંધિ થાય તેમાં જ જગતનું કલ્યાણ સમાયું છે. શ્રી કૃષ્ણએ દુર્યોધનને યુધ્ધનો વિચાર કાઢી નાખવા સલાહ આપતા કહ્યું હતું કે " યુદ્ધે ચેત આધિથાઃ"

(ઉદ્યોગપર્વ ૧૨૨)

કૃષ્ણના સૂચનનોના પ્રત્યુતરમાં દુર્યોધને ઘણા કડવા વેણ કહ્યા હતા અને છેલ્લે કહ્યું હતું કે

"યાવદ્ધિ સુચ્યાસ્તીક્ષ્ણાયા વિદ્યેદગ્રેણ માધવ તાવદપ્યપરિત્યાજ્યમ ભૂમેર્નઃ પાંડવાંપ્રતિ"

અર્થાત હું દુર્યોધન જ્યાં સૂધી જીવું છુ ત્યાં સુધી પાંડવોને સોયની અણી જેટલો ભૂમિભાગ પણ મળી શકશે નહીં (ઉદ્યોગપર્વ ૧૨૫)

બગડેલા સંબંધોને સંવારવા માટે આપણે પોતે આગળ આવીએ, આપણે પોતે પહેલ કરીએ, ક્યારેક આપણાં અહમ તો ક્યારેક આપણાં સ્વમાનને કોરાણે મૂકીને પણ સંનિષ્ઠ પ્રયત્ન કરતાં હોઈએ છતાં એવું બને કે સામેની વ્યક્તિ તરફથી જરૂરી પ્રતિસાદ ના મળે. સામેની વ્યક્તિ આપણાં જેટલો ઉમળકો ના બતાવે. આવા સંજોગોમાં નિરાશ થવાને બદલે પ્રયત્નો તો ચાલુ રાખી જ શકીએ. આપણાં સતત પ્રયત્નો થકી એવું બની શકે કે સામેની વ્યક્તિ શરમ અનુભવે, સામેની વ્યક્તિ પીગળે, સામેની વ્યક્તિના હૈયામાં રામ વસે અને સામેથી પ્રતિસાદ મળવા લાગે, મુલાકાત ગોઠવાય, વાતચીત થાય અને સકારાત્મક પરિણામ આવે.

યુધ્ધ અટકાવવા માટે પાંડવોની પહેલ અને શ્રીકૃષ્ણના એક વિષ્ટિકાર તરીકેના સંનિષ્ઠ પ્રયત્નો પણ નિષ્ફળ ગયા હતા. આમ આપણાં સંનિષ્ઠ અને સતત પ્રયત્નો છતાં ક્યારેક સકારાત્મક પરિણામો ના પણ આવે તો તેનો હરખ કે શોક ના કરીએ, નિરાશ ના થઈએ, ઉદાસીને ના વહોરી લઈએ, હિમ્મત ના હારીએ. શક્ય છે કે ભવિષ્યમાં ક્યારેક સંજોગો ઊભા થાય, સંયોગો બને અને સફળતા મળે. માની લઈએ કે સફળતા ના મળે અને મહાભારતમાં થયું એવું જો થાય, પ્રયત્નો અફળ રહે તો પછી કદાચ એવા નિષ્કર્ષ ઉપર પણ આવવું પડે કે " યુધ્ધ એ જ કલ્યાણ"

દૂર થઈ ગયેલા સંબંધોમાં બંને વચ્ચે પડેલી ગૂંચને ઉકેલવા માટે આપણને સામેની વ્યક્તિ નિમંત્રણ આપશે, અને આપણને નિમંત્રણ મળે તો જ આગળ વધીએ એવી રાહ જોવાને બદલે આપણે પોતે જ પહેલ કરીએ અને નિમંત્રણ આપીએ. વાતચીત કરવાનો, વિચારોની આપ-લે કરવાનો, વાતને આગળ વધારવાનો દોર આપણાં જ હાથમાં લઈએ અને આપણે પોતે જ સામેની વ્યક્તિને આપણાં તરફ ખેંચવાનો પ્રયત્ન કરીએ તો એ વ્યક્તિ આપણાં તરફ જરૂર ખેંચાશે. આપણાં હાથમાં લેધેલી દોરીનો છેડો આપણે થોડીવાર જ ખેંચવો પડશે પછી તો સામેની વ્યક્તિ આપમેળે ખેંચાઈને આવશે, આપણાથી આકર્ષાઈને પણ એ વ્યક્તિ આપણાં તરફ આવે એવું પણ બને.

બે સંબંધો જ્યારે એકબીજાથી દૂર જતાં રહ્યા હોય છે તેની પાછળ ક્યારેક વાત એકદમ નાની અને નજીવી હોય છે. એક નાની અમથી વાત માટે ગાઢ સંબંધો દૂર થઈ ગયા હોય છે. માત્ર બંને વ્યક્તિઓ વચ્ચે ખુલ્લીને વાતચીત કરવાના અભાવે, બંને વચ્ચે ચોખવટ થવાના અભાવે એ વાતે મોટું સ્વરૂપ લઈ લીધું હોય છે. આ પ્રકારની નાની નાની ગેરસમજનો ક્યારેક પલકવારમાં સમેટાઈ જતી હોય છે, ક્યારેક બંને વ્યક્તિની સ્નેહભરી આંખો મળવાથી માત્ર. આવા સંજોગોમાં એક ડગલું માત્ર આગળ આવવાની જરૂર હોય છે.

આપણાં સંબંધોમાં તિરાડ પડી હોય એ સમય અને એ તિરાડને પૂરવા માટે પ્રયત્ન કરીએ એ સમય, આ બંને સમય ગાળા દરમ્યાન ગંગામાં લખલૂટ પાણી વહી ગયું હોય છે. એ સમય દરમ્યાન ત્રાહિત વ્યક્તિની દખલગીરી કેટલાક પ્રસંગો કે ઘટનાઓ થકી વધારે ગેરસમજણો ઊભી થઈ ગઈ હોય છે. બંનેના મન અને હૃદયમાં એકબીજા પ્રત્યે અનેક પ્રકારની સાચી ખોટી માન્યતાઓ ઘર કરી ગઈ હોય છે, બંને વચ્ચે એકબીજા પ્રત્યેના સાચા ખોટા પૂર્વગ્રહો થકી બંનેનું મન એક કાંટાળું જંગલ બની ગયું હોય છે. સુલેહ કરવાના સમયે બંને વ્યક્તિ જો એ કાંટાળા જંગલને સાફ કરવા બેસશે તો ક્યારેય તેનો પાર નહીં આવે, એ જંગલ ક્યારેય સાફ નહીં થઈ શકે. ઉલટાના એ કાંટાળા જંગલને કારણે બંને વ્યક્તિને જ ઉઝરડા પડશે અને બંને લોહીલુહાણ થશે. આમ કરવાને બદલે જે સમયે બંને જુદા પડ્યા હતા એ સમયનાં બિંદુને પકડી, જે મોડ પરથી બંનેના રસ્તા જુદા પડ્યા હતા એ મોડ સુધી પાછા જઈએ અને એ જ મોડથી, એ જ જૂના સંબંધોની શરૂઆત કરીએ, ત્યાંથી જ સંબંધોની યાત્રા આગળ વધારીએ. ભૂલ્યા ત્યાંથી ફરી ગણીએ. "પુનશ્ચઃ હરી ઓમ"

એકવાર આ પ્રકારની પહેલ કરશું પછી એ જ હમસફર, એ જ યાત્રા, એક નવી તરાહ અને સંબંધોનું એક નવા જ સ્વરૂપે અવતરણ થશે. એ અવતરણ, એ યાત્રા આહ્લલાદક હશે. એ યાત્રાની અનુભૂતિ દિવ્ય હશે.

# સરકારી બેન્કોના વિલિનીકરણથી શું લાભ થશે?



**જીવન ઉપવન**

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

ડૉ. મનમોહનસિંહની સરકાર વખતે જે બે વખત નરસિંહન કમિટીના રિપોર્ટ આવેલા તેમાં સ્પષ્ટ નિર્દેશ હતો કે ભારત જેવા દેશમાં આટલી બધી બેંકો જરૂરપી નથી કેમ કે તેનાથી નાણાંકીય સક્ષમતા જળવાઈ શકતી નથી ઉપરાંત વહીવટી ખર્ચા (કોસ્ટ ઓફ મેનેજમેન્ટ) વધુ આવી રહ્યાં છે. આ માટે શું કરવું જોઈએ તે અંગેની ભલામણો પણ કરવામાં આવી હતી જેમ કે નબળી બેંકો ને મજબૂત બેંક સાથે ભેળવી દેવી અથવા બધી નબળી બેંકોને મર્જ કરવી વગેરે. આ અહેવાલ પછી ખરેખર બેંકોનું વિલિનીકરણ કઈ રીતે કરવું - એ જ પ્રશ્ન હતો ! ૧૯૯૨ પછી જ બેંકોમાં ઈન્ટરનેટ આધારિત વ્યવહાર પદ્ધતિ (કોર બેન્કીંગ સોલ્યુશન) અમલમાં આવી અને ટેકનોલોજી ઊભી થયા બાદ એક નવી દૃષ્ટિ મળી અને વિલિનિકરણનો માર્ગ પ્રાપ્ત થયો. મેન્યુઅલ સિસ્ટમ ચાલુ રહે તો કદી આ પ્રક્રિયા થઈ જ ના શકે, સરકારે બહુ જ વિચારણાના અંતે શરુઆત ભારતીય સ્ટેટ બેંકથી કરી ૨૦૦૭-૦૮ ના વર્ષમાં તેની સહયોગી બેંક સ્ટેટ બેંક ઑફ સૌરાષ્ટ્રનું મર્જન એસ.બી. આઈ.માં કરવામાં આવ્યું તે પછી થોડા વર્ષ બાદ સ્ટેટ બેંક ઑફ ઈન્દોરને પણ મર્જ કરવામાં આવી અને સમય જતા બાકીની બધી જ સહયોગી બેંકોને તથા મહિલા બેંકને એસ.બી.આઈ. માં ભેળવી દેવામાં આવી તો બાકીની જાહેર ક્ષેત્રની બેંકો માટે કંઈ જ ન કરી શકાયું નહીં એ પહેલાં એન.પી. એ. સતત વધી જતા હવે આ સ્થિતિમાંથી કઈ રીતે નીકળવું એ મુંઝવણ છે, મર્જર કરવાનું આવશ્યક હોવા છતાં તેના પરિણામ રૂપે કોઈ એન.પી. એ. ઘટી જાય તેવું થવાનું થી. ઉતાવળમાં આ માટે કોઈ નિર્ણય લેવાથી સરકારે બચવું જ પડશે.

અર્થતંત્રમાં ઉત્સાહવર્ધક આર્થિક પગલાઓની ખાસ જરૂરત છે કારણ કે ચાલુ સિઝનમાં ચોમાસાના બે ભાગ થયા તેની અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિની સ્થિતિ ઊભી થઈ છે તેની ખેડૂતો અને ગ્રામ્ય મજૂરોની હાલત ખરાબ થઈ છે. બીજા શબ્દોમાં અડધી ખરીખ પાક સિઝન બગડી ચૂકી લે. નોન પરફોર્મિંગ એસેટ્સ માટે જે કુદરતી કારણો હોય છે તેને આપણે સુધારી શકતા નથી ઉપરાંત બહારથી નાણાકીય પેકેજ મળવા થી એન.પી.એ. કદી ઘટતું નથી. સરકારી સહાયતાના લીધે બેંકો તૂટી પડે એ સ્થિતિને અટકાવી શકાય. હાલમાં એન.પી.એ. સતત વધી રહ્યું છે કારણ કે કૃષિ ક્ષેત્રે પ્રશ્નો છે તો બીજી તરફ એમ.એસ. એમ. ઈ. સેગ્મેન્ટ નોટબંધી અને જી.એસ.ટી.પછી સ્થિર થઈ શક્યું નથી જેની અસર જીડીપીમાં દેખાય રહી છે!

કેન્દ્ર સરકારે આર.બી.આઈ. પાસે જાહેર ક્ષેત્રની ૨૧ બેંકોની ઓળખ કરવા નિર્દેશ કર્યો છે જેનો પરસ્પરમાં વિલય થઈ શકે. એકવીસમાંથી અગિયાર સરકારી બેન્કો છે. દેશની કુલ એન.પી.એ. માં લગભગ નેવું ટકા સરકારી બેંકોનું છે. જે બેંકોને પી.સી.એ. ફ્રેમવર્ક હેઠળ મૂકવામાં આવી છે. તેથી આવી બેંકો પર નવી લોન ફાળવવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. સરકાર સામે વાસ્તવમાં ગંભીર પડકાર છે. બેન્કીંગ ક્ષેત્ર છેલ્લા બે વર્ષથી વધુ પરેશાન થયું છે. પ્રજાને લાગી રહ્યું છે કે ડિજિટલ બેન્કીંગ થયા બાદ કોઈ ગ્રાહકની કાળજી લેવા તૈયાર નથી. ચીલાચાલુ કાર્યો પૈકી પચાસ ટકા કામ ઈકોર્નર કે ઈ બોલીના પ્લેટફોર્મ પર આવી ગયા છે ત્યાં જરૂરી કાળજી ઘટી રહી છે. બેંકો નવું એન.પી.એ.ના વધે તે હેતુથી ખુબ સંભાળીને ચાલે છે તેની બજારની જે રોનક હતી એ જતી રહી છે. માણસો પાસે લિક્વીડીટી ક્રંન્સ ઊભો થયો છે. આ બધાનો સરવાળો કરતા લાગે કે મંદીની હાલત છે. મર્જર કરવાથી લાભ શું થશે તે પ્રથમ વિચારવું પડશે તેમાં નોટ બંધી જેવું ના થાય એ માટે !!

દરેક બેંકોમાં સ્ટાફ ઘટતા હોવાની ફરિયાદ પ્રવર્તે છે મર્જર બાદ શું થશે ? ડિજિટલ બેન્કીંગ સુવિધા માટે છે નહીં કે ગ્રાહકોને નારાજ કરવા માટે એ બેન્કના પ્રબંધને સમજવાની ખુબ જરૂરત છે. જો ધિરાણનો ઉપાડ થાય જ નહીં કે લોન આપવાની મનોવૃત્તિ જ બંધ પડે તો મર્જર પછી પણ કંઈ ખાટી જવાનું નથી ! વહીવટી ખર્ચા ઘટી શકે અથવા અણુક બ્રાંચો ઘટી જઈ શકે છે તેમ છતાં મેન પાવર હાલ છે તેને સુચારું રૂપે ગોઠવવો પડશે. હાલ ગુજરાતમાં ચોમાસું સમતોલ નથી બીજું મોંઘવારી વિવિધ કારણોસર વધતી જાય છે પ્રજાની અંદર સંવેદા રોજ દહન તેના જ દિલોદિમાગમાં થઈ રહી છે ત્યારે બેન્કોને ઉતાવળ કરી સમેટી લેવાની ભૂલ કરવા જેવું ના થાય તે વિચારવું પડશે. બેંકો આર્થિક વિકાસના માર્ગે ખુબ મહત્ત્વનું અંગ છે. તેમાં નકામી કામગીરીઓને અવશ્ય બીજા માર્ગે લઈ જઈ તેને શુધ્ધ સાત્ત્વિક બેન્કીંગ કરવા માટે સહાયતાની પણ જરૂરત છે. ચાર્જિસ માટે યુનિફોર્મ માળખું ગોઠવવા સત્વરે પગલા ભરવા આવશ્યક છે. મર્જર પછીથી પ્રજાની પીડા પ્રશ્નો અને વિશ્વાસને ઠેસ પહોંચે નહીં એ રીતે અમલીકરણ ઈચ્છનીય છે.

**શેર આસ્વાદ :**

કહીં હર જીદ પુરી
કહીં જરૂરત ભી અધુરી
કહીં સુગંધ ભી નહીં
તો કહીં પૂરા જીવન સ્તુરી...